ગાંધીનગર સમાચાર

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો ઈ-દિક્ષાંત સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૫

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ કુલપતિ ડો.અર્જુનસિંહ રાણાના અને સંજય જોશીના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓને કેન્દ્ર સ્થાને રાખી વિડિઓ કોન્ફેરન્સના માધ્યમથી દિક્ષાંત કાર્યક્રમ યોજીને દેશ અને દુનિયામાં નવી પહેલ કરેલ છે. તા.૦૪/૦૬/૨૦૨૦ અને ગુરુવારના રોજ ગુજરાત રાજ્યના રાજ્યપાલ, મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને રમતગમત મંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલ ૫૦૮ વિદ્યાર્થીઓને નેશનલ એકેડેમિક ડિપોઝિટોરીના માધ્યમથી સૌ પ્રથમ વખત આ યુનિવર્સિટી દ્વારા ડિગ્રી એનાયત કરવામાં આવી.

આ કર્યક્રમના અધ્યક્ષ ગુજરાત રાજયના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા પદવી પ્રાપ્ત કરનારા તમામ વિદ્યાર્થીઓને જીવનમાં તેમના ઉત્તરદાયિત્વને તૈત્તરીય ઉપનિષદના શ્લોક દ્વારા સમજાવવામાં આવેલ. તેઓ દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના આ વિશિષ્ટ કાર્યક્રમને બિરદાવવામાં આવેલ અને યુનિવર્સિટીએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઓળખ ઉભી કરી છે તે માટે હર્ષની લાગણી વ્યક્ત કરેલ.

રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા હાલના સમયમાં જયારે વિશ્વ વાયરસના વ્યાપક અને ઝડપી સંક્રમણના પડકાર વચ્ચે જજુમી રહ્યું છે ત્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલ આ પ્રકારના કાર્યક્રમ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં આફતને અવસરમાં બદલવાના સંકલ્પને સાર્થક કરે છે. પદવી પ્રાપ્ત કરવાવાળા ૫૦૮ વિદ્યાર્થીઓ ભારતના ૧૬ જુદા-જુદા રાજયના હોઈ આ અનેકતામાં એકતા દર્શાવે છે. મુખ્યમંત્રી દ્વારા તેઓને પોતાના વ્યવસાયમાં પ્રવૃત થઈ આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાર્થક કરવા શુભેછાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી દ્વારા આ શૈક્ષણિક વર્ષથી નિયમાનુસાર ૨૦ નવી શૈક્ષણિક સંસ્થાઓ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે જોડાવાની હોય હવે ખમીરવંતા ગુજરાતના રમત ગમતના તજજ્ઞો સમગ્ર દેશમાં પોતાનું નામ રોશન કરશે જે માટે મુખ્યમંત્રી દ્વારા કુલપતિને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં ભારતની ૧૯૮૩ ક્રિકેટ વિશ્વકપ વિજેતા ટીમના કપ્તાન એવા પદ્મભૂષણશ્રી કપિલ દેવ વિડિઓ માધ્યમથી ઉપસ્તિથ રહેલ અને તેમને કુલપતિ ડો. અર્જુનસિંહ રાણા સાહેબને અભિનંદન પાઠવી વિશ્વાસ વ્યક્ત કરેલ કે કુલપતિ આગામી સમયમાં પણ ખુબ સારા કાર્ય સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી માટે, ગુજરાત રાજ્યમાટે તથા દેશ માટે કરશે.

ભૂતપૂર્વ ઓલિમ્પિક મેડાલીસ્ટ, મેમ્બર ઓફ પાર્લામેન્ટ, પદ્મશ્રી કર્નલ રાજ્યવર્ધન રાઠોડ આ વિશિષ્ટ કાર્યક્રમમાં વિડિઓ માધ્યમથી ઉપસ્તિથ રહેલ, તેઓ દ્વારા આ કાર્યને બિરદાવી અને વિદ્યાર્થીઓને પોતાના ગ્રજ્યુએશન માટે ખુબ શુભકામનાઓ પાઠવેલ. તેઓ દ્વારા વિશેષમાં કુલપતિશ્રી અને તેમની દેખરેખ હેઠળ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વિકાસને નોંધનીય ગણાવ્યો હતો.

ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા આ મહામારીના આ પ્રકારના કાર્યક્રમની પહેલને વખાણવામાં આવેલ તથા આગામી સમયમાં ગુજરાતની અન્ય યુનિવર્સિટી દ્વારા પણ આ પ્રકારે કોન્વોકેશનનું આયોજન થનાર છે તે જણાવેલ. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને સેકટોરીઅલ યુનિવર્સિટી હોવા છતાં આ પ્રકારની પહેલ કરી અન્ય માટે પથદર્શક બનેલ છે તેમ જણાવવામાં આવ્યું.







## અનુકૂલનનો અવસર વિષયક માઈક્રોફિક્શન વાર્તા સ્પર્ધાનું પરિણામ જાહેર થયું

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા અનુકૂલનનો અવસર વિષયક માઈક્રોફિક્શન વાર્તા આલેખતી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે કોરોનાવાયરસના હાર વચ્ચે પર્યાવરણ પ્રકૃતિમાં આવેલ પરિવર્તન ની માનવ સમાજ જીવન અને સંબંધો પર થયેલ અસરો ને આલેખતી માઈક્રોફિક્શન સ્ટોરી સ્પર્ધા યોજાઈ હતી.જેમાં ૧૯૯ જેટલા વાર્તાકારો એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

સંસ્થા દ્વારા આ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જે મુજબ -

પ્રથમ ક્રમે રોહિત શાહ, અમદાવાદ, વાર્તાનું શીર્ષક 'માસ્ક અને મહોરૂં'

દ્વિતીય ક્રમે અમિત પટેલ, વાવોલ (ગાંધીનગર), વાર્તાનું શીર્ષક 'આદેશ'

તૃતીય ક્રમે મનોજ જોશી, ભાવનગર, વાર્તાનું શીર્ષક 'મૂર્ખાઈ'

એ મેળવ્યો છે.સંસ્થા દ્વારા આ સ્પર્ધમાં ભાગલેનાર તમામ સ્પર્ધક અને વિજેતાને શુભેચ્છા પાઠવવામાં આવી છે.



જળ માટે જીવના જોખમે દોરડું પકડી કેનાલમાંથી બાળકી પાણી ભરે છે - મોરબી કેનાલ નજીક ઝુંપડપટ્ટીમાં વસતા પરિવારોને નાછૂટકે પોતાના સંતાનોને આ રીતે કેનાલમાં ઉતારી પાણી ભરે છે - એક હાથમાં વાસણ અને બીજા હાથમાં એ દોરડું શું થાય એની કલ્પના થઈ શકે ખરી?

## વિશ્વ પર્યાવરણ દિવસે લીલી વનરાજી વચ્ચે 'ઉડ્ડયન' પ્રકૃતિગાન વિશેષાંકનું વિમોચન થયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર હરિયાળીનું શહેર છે. આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે અને એ નિમિત્તે લીલી વનરાજી વચ્ચે એક ઈ મેગેઝીન 'ઉડ્ડયન' ના વિમોચનનો કાર્યક્રમ સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે યોજાયો હતો.

ઉડ્ડયન પ્રકૃતિ ગાન વિશેષાંકનું વિમોચન ગુજરાત ફોરેસ્ટ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટર ખાતે યોજાયું હતું. જેમાં ગુજરાત ફોરેસ્ટ રિસર્ચના ડાયરેક્ટર ડો. સંજીવ ત્યાગી, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, જાણીતા કવિ અને ઉડ્ડયન મેગેઝીનના પરામર્શક કવિ પ્રતાપસિંહ ડાભી અને ઈ મેગેઝીનના સંપાદક ધ્રુવ પ્રજાપતિના હસ્તે હરિયાળીમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

ઉડ્ડયન પ્રકૃતિ ગાન વિશેષાંકનું મુખપૃષ્ઠ આકર્ષક બન્યું છે. આ અંકમાં માત્ર પ્રકૃતિગાન છે. આ અંકમાં જાણીતા અને નવોદિત કવિઓની રચના છે. જયંત પાઠક, રાવજી પટેલ, કવિ કલાપી, ધીરુ પરીખ, રાજેશ વ્યાસ મિસ્કીન, પ્રતાપસિંહ ડાભી હાકલ, હિતેન આનંદપરા, ચંદ્રેશ મકવાણા નારાજ, શૈલેષ પંડયા ભીનાશ, જયંત ડાંગોદરા, વિનોદ માણેક ચાતક, દિનેશ દેસાઈ, જલરૂપ, ડો. સંજીવ ત્યાગી IFS, દિવ્યા પુરોહિત, બીના પટેલ, રુચિ દેસાઈ, ભાવિકા, અંજના રાઠોડ વગેરે છે.

ગદ્ય વિભાગમાં ધર્મેન્દ્ર ત્રિવેદીએ સમગ્ર સર્પ પુરાણ આલેખન કર્યું છે. જીજ્ઞેશ જાદવે પ્રકૃતિ નિબંધ લખ્યો છે તો હર્ષલ બ્રમ્હભટ્ટના ચોટદાર કાર્ટૂન છે. '૭૫ પાનાથી આ ઉડ્ડયન પ્રકૃતિ ગાન વિશેષાંક વિશ્વ પર્યાવરણ દિવસને યથાર્થ કરે છે, અને માત્ર પ્રકૃતિ પ્રેમી નહીં પણ સૌને વાંચવો ગમશે એવો અંક બન્યો છે.' એવી શુભેચ્છાઓ સંજય થોરાતે પાઠવી હતી. આ અંકને તૈયાર કરવામાં જીજ્ઞેશ જાદવ 'કર્મવીર' અને વિવેક પરમાર 'રખડું' યોગદાન આપ્યું હતું. આ અંકમાં કવિ પ્રતાપસિંહ ડાભીની એક પંક્તિ 'કરવાનું બીજું કંઈ ફાવે ના અમને તો રોજ નવા કૌતુકો કરીએ' એકદમ યથાર્થ છે.



# મેડિકલ સેક્રેટરી શું છે અને આ ક્ષેત્રમાં શું કામ કરવાનું હોય છે?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે સુરત, અમદાવાદ, અને બનાસકાંઠાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.


હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercorner

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ-id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મેડિકલ સેક્રેટરી શું છે? એક મેડિકલ સેક્રેટરીને શું કામ કરવાનું હોય છે?**

**- ભાવના દવે, ગાંધીનગર**

તબીબી સચિવ એટ્લે કે મેડિકલ સેક્રેટરી ડૉક્ટર અથવા અન્ય સ્વાસ્થ્ય પ્રોફેશનલ ઑફિસમાં કારકુની ફરજો નિભાવે છે. સ્વાસ્થ્ય સંભાળ સહાયક કારકિર્દીમાં કામ કરતાં અન્ય લોકોની જેમ, તેમનું કાર્ય દર્દીની સંભાળ પૂરી પાડતી કોઈપણ સુવિધાના કાર્ય માટે નિર્ણાયક અને ખૂબ જરૂરી હોય છે. તેઓ પત્રવ્યવહાર અને ઈમેલ લખે છે, ફાઈલોને જાળવી રાખે છે, વિક્રેતાઓને ચુકવણી કરતા, વીમા સ્વરૂપો સંભાળવા, અને દર્દીઓના બિલ નું મેનેજમેંટ તથા સમગ્ર દિવસ દરમિયાન જાહેર જનતા સાથે વાતચીત કરે છે, ફોન કોલ્સ લેવા, નિમણૂકની નિયુક્તિઓ અને દર્દીઓને શુભેચ્છા પાઠવાવનું કામ એમનું હોય છે. તેઓ



કમ્પ્યૂટર અથવા લેપટોપ, સ્કેનર્સ, પ્રિન્ટર અને મલ્ટી-લાઈન ટેલીફોન સિસ્ટમ્સ સહિત વિવિધ ઓફિસ સાધનોનો ઉપયોગ તેમની નોકરીઓ કરવા માટે કરે છે. તમે તબીબી સચિવ તરીકે કારકીર્દિની શરૂઆત કરી રહ્યા હો તે પહેલાં, તમારે તેમની કેટલીક સામાન્ય નોકરીની ફરજો વિશે જાણવું જોઈએ.જેમકે ડૉકટરનું શેડ્યૂલ જાળવવું, દર્દીની જરૂરી વીમા માહિતી ચકાસવી અને અપડેટ કરવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો ઓછા માં ઓછું ૧૨ પાસ અથવા જે તે ક્ષેત્ર માં ડિપ્લોમા કરેલ હોવું જરૂરી છે.આપ આ ક્ષેત્ર માટે આપ અલગ થી મેડિકલ સેક્રેટરીનો કોર્સ પણ કરી શકો છો.આ કાર્ય માટે આપની પાસે અમુક સોફ્ટ સ્કીલ્સ હોવી જરૂરી છે.જેમ કે બોડી લેંગ્વેજને સમજવાની અને લોકોને વાટાઘાટો કરવાની અને સમજાવવા માટેની ક્ષમતા હોવી જરૂરી છે. જે દર્દીઓ, ડોકટરો અથવા અન્ય સ્વાસ્થ્ય સંભાળ વ્યવસાયીઓ અને સહકાર્યકરો સાથે તમારી ક્રિયાપ્રતિક્રિયામાં તમને મદદ કરી શકે છે. ઉત્તમ વર્ડ કૌશલ્ય સાથેનો કમ્પ્યુટરનો અનુભવ, એક્સેલ સૉફ્ટવેરમાં ફાવટ હોવી જરૂરી છે. તથા ગુપ્તતા જાળવવાની ક્ષમતા પણ અગત્યનું પાસું હોય શકે છે.આમ આપ જરૂરી બાબતોનું ધ્યાન રાખી ને જરૂરથી આપ આ ક્ષેત્રમાં આગળ વધી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. મે ધો ૧૦ સુધી જ અભ્યાસ કરેલ છે. સ્ટાફ સિલેક્શન કમિશનની મેટ્રિક લેવલની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- રાહીલ અન્સારી, અમદાવાદ**

સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા છેલ્લા થોડા વર્ષો મેટ્રિક લેવલની બધી જ પોસ્ટ માટે એક કમ્બાઈન પ્રિલિમનરી એકઝામ અને ત્યારબાદ ફાઈનલ એકઝામ લેવામાં આવે છે. તે જ રીતે સ્નાતક લેવલની બધી જ પોસ્ટ માટે પણ એક જ પરીક્ષા બે તબક્કાઓમાં પ્રિલિમિનરી એકઝામ અને ત્યાર બાદ ફાઈનલ એકઝામ લેવામાં આવે છે. તે જ રીતે સ્નાતક લેવલની બધી જ પોસ્ટ માટે પણ એક જ પરીક્ષા બે તબક્કાઓમાં - પ્રિલિમિનરી અને ફાઈનલ લેવામાં આવે છે. યાદ રહે, એસ.એસ.સી. દ્વારા કેન્દ્ર સરકારના વર્ગ-૩ કક્ષાના કર્મચારીઓની ભરતી થાય છે. જ્યારે યુ.પી.એસ.સી વર્ગ -૧ અને વર્ગ-૨ કક્ષાના



અધિકારીઓની ભરતી કરે છે. અહીં આપ કેન્દ્ર સરકારની કચેરીઓમાં / મંત્રાલયોમાં કલાર્ક બનવા ઈચ્છતા હોવ કે સ્ટેનોગ્રાફર (હિન્દી/અંગ્રેજી) - આપને સૌ પ્રથમ તો આ પ્રિલિમિનરી એકઝામ પાસ કરવાની છે. આ પ્રિલિમનરી પરીક્ષા જેઓ પાસ કરશે, તેઓ જ આ માટેની મુખ્ય પરીક્ષા આપી શકશે અને મુખ્ય પરીક્ષા પાસ કરનાર મિત્રો જ ટાઈપિંગ ટેસ્ટ તથા અન્ય પરીક્ષાઓ આપી શકશે. આ મુખ્ય પરીક્ષા માટે અલગથી અરજી કરવાની રહેશે અને તે માટેની જાહેરાત પ્રિલિમનરી પરીક્ષાના પરિણામ બાદ આવે છે. તથા પ્રિલિમ એકઝામમાં પાસ થનાર સફળ ઉમેદવારને પત્ર-ફોર્મ મોકલીને વ્યકિતગત જાણ થાય છે. પરીક્ષાની જાહેરાત સમયે ૧૮ થી ૨૫ વર્ષની વય હોય તેઓ આ પરીક્ષા આપી શકે. મેટ્રિક્યુલેશન એટ્લે કે ધો ૧૦ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ હોય તેઓ જ આ પરીક્ષા આપી શકે. મ્બાઈન્ડ પ્રિલિમનરી એકઝામ માટે લેખિત પરીક્ષા લેવામાં આવશે અને તે અંતર્ગત બે વિભાગો ધરાવતું એક પેપર હશે. આ પેપર માટે કુલ સમયગાળો ૨ કલાકનો હશે. પાર્ટ-૧ જનરલ ઈન્ટેલિજન્સ ૧૦૦ માર્કસ / પાર્ટ-૨ જનરલ અવેરનેસ ૧૦૦ માર્કસ એમ કુલ ૨૦૦ માર્કસ.આપ બિલકુલ આ પરીક્ષા ની તૈયારી કરી શકો છો અને ઉત્તીર્ણ કરીને કેન્દ્ર સરકારમાં આપનું સ્થાન પ્રાપ્ત કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. હું બી.કોમમાં અભ્યાસ કરું છું. મે તાજેતર માં જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી શરૂ કરેલ છે. મારો પ્રશ્ન એ છે કે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં કેવા પ્રકારના પ્રશ્નો પૂછાઇ શકે છે?**

**- ગુંજ શાહ, ગાંધીનગર**

ગુંજ, આપનો પ્રશ્ન ખૂબ જ સરસ છે.આપના પ્રશ્ન પરથી અંદાજ લગાવી શકાય છે કે આપને પણ મોટાભાગના વિદ્યાર્થીઓની જેમ અંગ્રેજી અઘરું લાગે છે.અંગ્રેજી શીખવા માટે સૌ પ્રથમ પગલું એ છે કે આપે અંગ્રેજીનું નિયમિત વાંચન કરવું જોઈએ. આપ વિવિધ ન્યુઝપેપર અથવા તો અંગ્રજી પુસ્તકો થકી વાંચન કરી શકો છો. કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અંગ્રેજી વિષયમાં મોટાભાગે ચાર પ્રકારના પ્રશ્નો પૂછાય છે. પ્રથમ પ્રકારની વાત કરીએતો એ છે શબ્દકોષ એટ્લેકે વોકબૂલરી જેમાં સમાનાર્થી,વિરુધ્ધઅર્થી,રૂઢિપ્રયોગો અને કેહ્વતો નો સમાવેશ થાય છે. બીજો પ્રકાર છે ગ્રામર એટ્લે ક વ્યાકરણ જેમાં ગ્રામરને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે. ત્રીજો પ્રકાર છે ફકરા પરથી જવાબ એટ્લેકે કોંપૃહેંશન જેમાં આપે આપેલ ફકરામાંથીજ જવાબ આપવાના હોય છે. અને છેલ્લો અને અગત્ય નો પ્રકાર છે અંગ્રેજી



ભાષા નું એપ્લિકેશન જેમાં ખાલી જગ્યાઓ, સાચા સ્પેલિંગ,સાચી વાક્યરચના જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.તો આ ચાર મહત્વના પ્રકારોને ધ્યાન મા રાખી તે અનુરુપ આપે મહેનત કરવાની રહેશે. અને આગળ વાત કરીએ તો આપે જેટલુ બની શકે તેટલું વધુ અંગ્રેજીનું વાંચન કરવુ જોઇએ અને કોઇ નવા શબ્દોને આપ આપના મિત્રો અને પરિવારજનો સાથે સામાન્ય વાતચીતમાં પણ ઉપયોગમાં લઇ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercorner

## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે બનાસડેરીમાં વૃક્ષારોપણ યોજાયુ



પાલનપુર, તા. ૫

વિશ્વ પર્યાવરણ દિન ૫ જૂન નિમિત્તે બનાસડેરી પ્રાંગણમાં ઈન્ચાર્જ એમ.ડી. શ્રી કામરાજભાઈ ચૌધરીએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે બોર્ડના ડિરેકટરશ્રી ભાવાભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લો હરિયાળો બને તે માટે ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં જિલ્લામાં ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષો વાવવાનો નિર્ધાર કર્યો છે જેમાં જિલ્લાની સેવાભાવી સંસ્થાઓનો પણ સહયોગ રહ્યો છે. ગત વર્ષ દરમિયાન જિલ્લાના દૂધ ઉત્પાદક પશુપાલકોએ ૧૯.૮૬ લાખ વૃક્ષોનું રોપણ કર્યું હતું અને પરિણામે અમુલ ગ્રીન એવોર્ડથી બનાસ ડેરીને સન્માનિત કરવામાં આવી હતી. તે જ પ્રમાણે સમગ્ર જિલ્લામાં વનવિભાગ, સેવાભાવી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓની મદદથી ૬૭ લાખ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ જિલ્લામાં એક કરોડ વૃક્ષો વાવીને આ લક્ષ્યાંકને આગળ ધપાવવાનો નિર્ધાર છે.

## જન્મદિને વધામણી



જી આર અલોરિયા
નિવૃત્ત સનદી અધિકારી



સુરેશભાઈ કચરાભાઈ પારેખ
મો. ૮૦૦૦૯૫૭૪૬૨



સૂર્યકાન્ત વી. ભટ્ટ



ગોવિંદભાઈ કા વાળંદ
મો. ૯૪૨૭૦૨૬૭૩૦



શ્રેયસકુમાર
કમલેશભાઈ તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



સાત્વિક
નિલેષભાઈ મકવાણા



સોની મંથન રિકીત
મો.૯૮૨૪૫ ૪૪૬૯૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**